શારદા મહિલા વિકાસ સોસાયટી

શારદા મહિલા વિકાસ સોસાયટી

જયારે આપણે બીજાને
આનંદ આપી શકીએ છીએ
ત્યારે જ આપણા જીવનનો હેતુ
પરિપૂર્ણ થાય છે.

મા શારદા

# વાર્ષિક અહેવાલ ૨૦૨૦–૨૦૨૧

# શારદા મહિલા વિકાસ સોસાયટી

મા શારદાના જીવન અને સંદેશને કેન્દ્રમાં રાખી શારદા મહિલા વિકાસ સોસાયટીની શરૂઆત જૂન ૨૦૦૨માં કરવામાં આવી. જો કે વંચિત મહિલાઓ અને બાળકોનાં કામો માતૃસંસ્થા સેવા રૂરલ હેઠળ આ પહેલાં લગભગ બે દાયકાઓથી કરવામાં આવતાં હતાં. પરંતુ મહિલાઓ માટે, મહિલાઓની સંપૂર્ણ ભાગીદારી વડે તેઓની જરૂરિયાત અનુસાર કામનું માળખું ગોઠવીને કામ કરવાનો અભિગમ અહીં રહ્યો છે.

## ધ્યેય

મહિલાઓની વિશિષ્ટ શકિતઓને સમાજકલ્યાણની પ્રવૃત્તિઓમાં કાર્યરત કરવી.

## અભિગમ

- સંગઠન દ્વારા
- માતૃભાવને વ્યાપક બનાવીને.

## સહભાગીઓ

- શિક્ષણ અને સશકિતકરણને લગતી પ્રવૃત્તિઓમાં ગરીબ–તવંગર કે નાતજાતના કે ધર્મના ભેદભાવ વિના, સમાજની દરેક સ્તરની બહેનો.
- આર્થિક ઉપાર્જન, બચત અને ધિરાણ પ્રવૃત્તિઓ તેમજ બાળ કેળવણી માટે આર્થિક રીતે નબળા કુટુંબના બાળકો અને બહેનોને પ્રથમ પસંદગી.

## માળખુ

સંસ્થાના બૃહદ્ માર્ગદર્શન માટે નિયામક મંડળ છે. જયારે તેનું રોજબરોજનું સંચાલન કારોબારી સમિતિને આધીન છે. જેમાં મહિલા જૂથોનાં પ્રતિનિધિઓ ઉપરાંત સ્થાનિક સમાજની સંવેદનશીલ મહિલાઓ અને નિષ્ણાતો સામેલ છે. નિયામક મંડળમાં થોડા સભ્યો ઉપરાંત, કાર્યરત મહિલા કાર્યકરોનો સમાવેશ થાય છે. સઘળા કાર્યક્રમોમાં બહેનોની સક્રિય ભાગીદારી હોય છે અને સંચાલન તથા નિર્ણયોમાં તેમને સઘન રીતે સામેલ કરાય છે.

## પ્રવૃત્તિઓ

- બહેનોમાં રહેલી શકિતના વિકાસ માટે જાગૃતિ કાર્યક્રમો.
- આર્થિક વિકાસથી વંચિત બહેનોને પગભર કરવા. નાસ્તા, ગારમેન્ટ,સીવણ તાલીમ વર્ગો દ્વારા.
- બિનઔપચારિક બચત અને ધિરાણ.
- બાળકેળવણી.
- યુવા પેઢીનો સર્વાંગી વિકાસ.

સ્થાનિક સમાજ, દેશપરદેશના અને સંસ્થાઓના શુભેચ્છકો તથા સેવા રૂરલની મદદથી લગભગ ૧,૦૦૦થી પણ વધુ બહેનો અને ગરીબ કુટુંબનાં બાળકો વિવિધ પ્રવૃત્તિનો લાભ લઈ રહ્યા છે.

સ્નેહી મિત્રો

શારદા મહિલા વિકાસ સોસાયટી સેવા રૂરલથી અલગ સ્વતંત્ર સંસ્થા તરીકે વર્ષ ૨૦૦૨થી બહેનો અને બાળકોના સર્વાંગી વિકાસ તેમજ આર્થિક ઉત્કર્ષ માટે સતત કાર્યરત રહી છે. વર્ષ ૨૦૨૦–૨૧ની વાર્ષિક કામગીરી અને નાણાંકીય અહેવાલ આપની સમક્ષ મુકી રહ્યા છીએ ત્યારે છેલ્લાં બે વર્ષથી આખા વિશ્વની જેમ શારદા મહિલા વિકાસ સોસાયટી પણ પડકારોનો સામનો કરી રહી છે. કોરોનાની મહામારીની અસરથી ઉધોગોમાં મંદી આવતા ગારમેન્ટ વિભાગમાં મળતાં ઓર્ડરો ઓછા થવા લાગ્યા. જો કે આ મંદીમાં પણ અનેક કંપનીઓ અને શુભેચ્છકોનો સહકાર સતત મળતો રહ્યો. ખાસ અગત્યની વાત તો એ બની કે આ મુશ્કેલીને ગારમેન્ટ વિભાગની બહેનોએ એક તકમાં ફેરવી નાંખીને ઉમદા કામગીરી કરી બતાવી. હોસ્પિટલમાં કામ કરતાં કાર્યકરો માટે PPE કીટ તેમજ સમાજની દરેક વ્યકિતને જરૂરી ૬૦,૪૦૦ નંગ વિવિધ માસ્કનું ઉત્પાદન કર્યુ. આ ઉપરાંત ડો. અમીબેન યાજ્ઞિકના સહકારથી સુરતની એક કંપની પાસેથી કુર્તા બનાવવાનું નવુ કામ પણ શરૂ કર્યુ. ગારમેન્ટ વિભાગમાં આનંદની વાત એ છે કે ગત વર્ષ કરતા ૨૦૨૦–૨૧માં કામમાં વધારો થયો. તેમજ ગરીબ લાભાર્થી બહેનોને મળેલી વર્ષ ૨૦૧૯–૨૦ રૂા. ૨૪ લાખની રોજીમાં વધારો થઈને જે ૨૦૨૦–૨૧માં રૂા. ૨૯ લાખ રોજી મેળવીને ઉમદા કામ કરી બતાવ્યુ.

મહિલા જાગૃતિ અને સુરક્ષા કાર્યક્રમો તેમ જ સ્થાનિક કક્ષાએ ચાલતાં ટયુટોરિયલ કલાસ બંધ કરવા પડયા. ટયુટોરિયલ વિભાગ દ્વારા શિક્ષકોએ ફળીયામાં જઈ, મોબાઈલ વાન દ્વારા ગામડે જઈ નાના નાના જૂથમાં બાળશિક્ષણનું કામ ચાલુ રાખ્યું. આ ઉપરાંત કોમ્પ્યુટરમાં જાણકાર શિક્ષિકાઓએ હોસ્પિટલમાં ઓનલાઈન ફોર્મ ભરવામાં તેમજ અન્ય વિભાગમાં જરૂર પ્રમાણે મદદરૂપ બની રહ્યા.

હોસ્પિટલના દર્દીઓને ગુણવત્તાસભર નાસ્તો આપવાનું ભરૂચની અનસુયા મોદી ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈના સહયોગથી ચાલુ રાખી શકયા. અભણ અને અર્ધશિક્ષિત બહેનો પણ આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરતાં શીખી અને વાપરતી થઈ ગઈ એ પણ એક આનંદની વાત છે. કારોબારી તેમજ નિયામક મંડળની મિટીંગો નિયત સમયે ઓનલાઈન કરી શકયા. કોરોના મહામારીને લીધે ઊભી થયેલ મુશ્કેલીઓ અને તેના ઉપાયો માટેના સુચનોની આપ–લે કરીને કાર્યક્રમોમાં જરૂરી ફેરફાર કરીને કાર્યક્રમો ચાલુ રાખી શકયા તેનો આનંદ છે.

જુની ફિલ્મ "તુફાન ઔર દીયા" ના ગીતની એક પંકિત યાદ આવી જાય છે "यै कहानी है दीयेकी और तुफान की" જાણે કે કોરોનાના તુફાનમાં બહેનોને પોતાની અંદર ઝીણો ઝીણો બળતા દીવાનો અહેસાસ થયો અને કરાવ્યો.

સસ્નેહ,

તા. ૧ નવેમ્બર'૨૦૨૧

શારદા મહિલા વિકાસ સોસાયટી પરિવાર વતી,

ડૉ. લતા દેસાઈ

# અનુક્રમણિકા


પાન નં.

**પ્રવૃત્તિઓની ઝાંખી**

**મહિલા સશકિતકરણ કાર્યક્રમો**

- મહિલા સુરક્ષા કાર્યક્રમ ૩
- મહિલા જાગૃતિ અને શૈક્ષણિક કાર્યક્રમ ૩
- ઉત્સવો અને તહેવારોની ઉજવણી ૪
- તાલીમ, વર્કશોપ ૪

**આર્થિક પ્રવૃત્તિઓ** ૫

- નાસ્તા વિભાગ ૫
- ગારમેન્ટ વિભાગ ૫

**બાળકેળવણી** ૧૦

**વહીવટી સંચાલન** ૧૫

**અમારા સહયોગીઓ** ૧૭

**ઓડીટેડ એકાઉન્ટ** ૧૯

**જવાબદેહિતા અને પારદર્શિતા** ૨૬

**નિયામક મંડળ અને કારોબારી કમિટી** ૨૮



**શારદા મહિલા વિકાસ સોસાયટી,** સેવા રૂરલ, ઝઘડિયા ૩૯૩ ૧૧૦,

જિ. ભરૂચ, ગુજરાત.

સોસાયટી રજીસ્ટ્રેશન નંબર : ગુજ. /૯૧૪/ભરૂચ.

પબ્લિક ટ્રસ્ટ રજીસ્ટ્રેશન નંબર : એફ /૯૦૩/ ભરૂચ.

૮૦ જી, એફ.સી.આર.એ.

ફોન (૦૨૬૪૫) ૨૨૦૭૯૭

E-mail : smvs1985@yahoo.co.in, sewarural@ymail.com

Website : www.sewarural.org, www.shardamahilavikas.org

# પ્રવૃત્તિઓની ઝાંખી

શારદા મહિલા વિકાસ સોસાયટીમાં મુખ્યત્વે મહિલા સશકિતકરણ તેમજ બાળ કેળવણીને લગતી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

## મહિલા સશકિતકરણ કાર્યક્રમ

મહિલાઓ સાથેના કાર્યક્રમ હેઠળ આર્થિક અને સામાજિક રીતે પાછળ રહી ગયેલાં કુટુંબોની બહેનો માટે આર્થિક ઉપાર્જન, બચત–ધિરાણ અને સામાજિક સુરક્ષાને લગતી પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ ઉપરાંત ગરીબ–તવંગર કે નાત–જાતના ભેદભાવ વિના સમાજની બધી જ બહેનોને સ્પર્શતા વિવિધ વિષયો ઉપર જાગૃતિ શિબિરો કરવામાં આવે છે.

### મહિલા સુરક્ષા કાર્યક્રમ

#### ગામ સુરક્ષા સમિતિ

ઝઘડિયા ગામની જાતીય સતામણી વિરોધી સમિતિની મિટીંગ તા. ૪ નવેમ્બર'૨૦ના રોજ મળી જેમાં સૌ સભ્યો, પોલીસ ઈન્સ્પેકટર, ગ્રામ સુરક્ષા દળની બહેનો ઉપસ્થિત રહ્યા હતા. ઝઘડિયા પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસની નિમણુક કરવામાં આવે છે. તેની જાણ થઈ, બાકી કોઈ પ્રશ્ન ન હતા. શાળાઓ શરૂ થાય ત્યારે પેટ્રોલીગ ઘનિષ્ઠ કરવા જણાવ્યું.

#### જાતીય સતામણી વિરોધી સમિતિ

- તા. ૫ નવે.'૨૦ ના રોજ સેવા રૂરલની જાતીય સતામણી વિરોધી સમિતિની મીટીંગ કરી. "હાઈવે" ફીલ્મની કિલ્પીગ બતાવી ચર્ચા કરી. વિષય નિષ્ણાત નિમિષાબેન દેસાઈ (વડોદરા) વીડીયો કોલથી જોડાયાં. ફિલ્ડમાં કામ કરતા બહેને દર્દીનું ફોલોઅપ ફોનથી કરતા, વોટસએપ દ્વારા થયેલ સતામણીના પ્રશ્નની રજુઆત કરી. રૂબરૂમાં ૮ સભ્યોએ હાજર રહી હાલ કોઈ પ્રશ્ન નથી તેવી રજુઆત કરી. સમિતિ સભ્યોનુ લીસ્ટ ફરી નવા નંબર સાથે ડીસપ્લે કરવું તેમ જણાવતાં તે કર્યુ છે. તા. ૨૯ ડિસે.'૨૦ ના રોજ ફરી બીજી એક મીટીંગ ગોઠવવામાં આવી તેમા સંસ્થામાં જાતીય સતામણી થયેલ કિસ્સાની વાત કરી જરૂરી પગલા લીધા.

#### સ્વરક્ષણ તાલીમ કાર્યક્રમ

- સીવણ તાલીમ વર્ગના ૧૪ બહેનોને તા. ૧૦/૧૧ માર્ચ ૨૦૨૦ના રોજ તા. ૧૨/૧૩ માર્ચ ૨૦૨૦ના રોજ ૧૩ બહેનોએ સ્વરક્ષણની તાલીમ ગાયત્રીબેન પટેલ દ્વારા અપાઈ.
- સ્ટાફમાંથી જશોદાબેન તા.૧૧ થી ૧૪ ફેબ્રુઆરી' ૨૦૨૦ના રોજ "શૈશવ" ભાવનગર દ્વારા આયોજીત વેનલીડોની બેઝીક તાલીમમાં સહભાગી થયા.

### મહિલા જાગૃતિ અને શૈક્ષણિક કાર્યક્રમ

આ વર્ષે કોરોનાની મહામારીને ધ્યાનમાં રાખી સુરક્ષાના પગલાંરૂપે બહેનોની જાગૃતિ શિબિરો બંધ રાખી.

# ઉત્સવો અને તહેવારોની ઉજવણી

## મા શારદા જન્મજયંતી ઉજવણી

- તા. ૨૨ ડિસે. ૨૦૨૦ના રોજ મા શારદાની ૧૬૮મી જન્મજયંતીની ઓનલાઈન ઉજવણીરૂપે પૂ. મા શારદાના વિવિધ રૂપોમાંથી ૬ રૂપોનું અલગ અલગ વ્યકિતઓ દ્વારા વકતવ્ય રાખ્યુ જેમાં સુધાબેન વડગામાએ 'જગત જનની' રૂપ વિશે, દિલીપભાઈ પટેલ 'સર્વધર્મ સમભાવ' વિશે, મંજુબેન માછી 'અનોખુ દાંમ્પત્યજીવન', ગાયત્રીબેન પટેલ 'સ્ત્રી સશકિતકરણ', ડો. કપિલભાઈ દવે 'અદ્‌ભુત નેતૃત્વ', જૈમિનીબેન વ્યાસ 'દૈવીસ્વરૂપી મા શારદા' વિશે વકતવ્યો રજુ કર્યા હતા. આ ઉપરાંત સેજલબેન માંડવિયા (અમદાવાદ) અને કોકિલાબેન પંડયા (અંકલેશ્વર) દ્વારા પ્રાસંગિક ભજન રજુ કર્યા હતા અને પૂ. જ્ઞાનમયીપ્રાણા માતાજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કરીને મા શારદા જન્મજયંતીની ઉજવણી કરી.

## આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી

- તા. ૮ માર્ચ'૨૦૨૧ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી ઓનલાઈન સૌ બહેનો સાથે કરી. અલગ અલગ વકતાઓએ નીચેના વિષયો પર ઓનલાઈન વાતચીત કરી. Covid-19 અને બહેનો, હકારાત્મક અસર નેહાબેન પરીખ (ભરૂચ), બહેનો પર આર્થિક અસર–પરવિન્દાબેન પટેલ, શિક્ષણ પર અસર–સુધાબેન વડગામા (અંકલેશ્વર) અને જાગૃતિબેન શાહ, બહેનોએ શું તકલીફોનો સામનો કરવો પડયો?–જયાબેન ઐયર (ભરૂચ). કુટુંબ અને સામાજીક સ્તરે કેવી રીતે Covid-19 સામનો કરવો પડયો? ગીતાબેન શ્રીવત્સન (અંકલેશ્વર), Covid-19ની ભાઈઓ પર અસર ડો. ધીરેનભાઈ મોદીએ કરી. ઓનલાઈન આ કાર્યક્રમમાં ૫૦ થી વધુ બહેનો જોડાયા હતા.

# તાલીમ અને વર્કશોપમાં જોડાયા

| તારીખ | સંસ્થા | સહભાગી | વિષય |
|---|---|---|---|
| ૮/૯/૨૦૨૦ | 'શૈશવ' ભાવનગર (ઓનલાઈન) | ટયુટોરિયલ સ્ટાફ | કોવિડ શૈક્ષણિક કીટ |
| ૫/૧૧/૨૦૨૦ | ઓએસીસ (ઓનલાઈન) | ટયુટોરિયલ સ્ટાફ | લાઈફ સ્કીલ એજયુકેશન |
| ૬–૭/૧૧/૨૦૨૦ | શૈશવ' ભાવનગર (ગુમાનદેવ) | ટયુટોરિયલ સ્ટાફ | લાઈફ સ્કીલ એજયુકેશન |

# આર્થિક પ્રવૃત્તિઓ

## નાસ્તા વિભાગ

- નાસ્તા વિભાગમાં સેવા રૂરલમાં એપ્રિલ–મે સુધી શીરો સુખડી આપવાનું ચાલુ હતું. કોરોના પરિસ્થિતિમાં હોસ્પિટલમાં શીરો–સુખડી જુન–જુલાઈ બે માસ ફંડના અભાવે બંધ રહ્યું. ઓગષ્ટ મહિનાથી અનસુયા મોદી ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈના સહયોગથી દાતા મળી જતા શીરો સુખડી ફરી આપવાનું ચાલુ કર્યું.
- નર્સિંગ સ્ટુડન્ટનો નાસ્તો ચાલુ કર્યો. લોકડાઉનમાં સેવા રૂરલ હોસ્પિટલનું ચા–કેન્ટીન બંધ થયું ત્યારે ગરમ નાસ્તો બનાવીને વેચાણ કર્યું. વર્ષ દરમ્યાન ત્રણ બહેનોને રોજગારી મળી.



નાસ્તા બનાવવાની પૂર્વ તૈયારી



નાસ્તો બનાવતી બહેનો



નાસ્તાનું વેચાણ

## ગારમેન્ટ વિભાગ

- કોવિડ–૧૯ લોકડાઉન હોવાથી ઘણી કંપનીઓ બંધ રહી, ઓર્ડર ઓછા મળશે તો બહેનોને રોજી કેવી રીતે પુરી પાડીશું, તેવી દહેશત હતી. પરંતુ મુશ્કેલીને તકમાં ફેરવી માસ્ક અને PPE કીટ જેવા કામો કર્યા. એપ્રિલ'૨૦ માસમાં થોડી બહેનોને ઘરે કામ આપ્યું અને થોડી બહેનોને ગારમેન્ટમાં બોલાવીને કામ આપ્યું. અલગ અલગ પ્રકારના માસ્ક ૬૦,૪૦૧ નંગ બનાવ્યા.



માસ્ક બનાવતી બહેનો




PPE કીટ પેમ્પલેટ

લગભગ ૨૦ જેટલી નવી પાર્ટીઓના સંપર્કમાં આવ્યા. આનંદની વાત એ છે કે વર્ષ ૨૦૧૯–૨૦ કરેલ રૂા. ૧૧૫ લાખના કામમાં વધારો કરીને વર્ષ ૨૦૨૦–૨૧માં રૂા. ૧૨૧ લાખનું કામ તેમજ ગરીબ લાભાર્થી બહેનોને મળેલી વર્ષ ૨૦૧૯–૨૦ રૂા. ૨૪ લાખની રોજીમાં વધારો થઈને જે વર્ષ ૨૦૨૦–૨૧ માં રૂા. ૨૯ લાખ રોજી મેળવીને ઉમદા કામ કરી બતાવ્યુ.

- લોકડાઉનના સમયગાળામાં માસ્ક માટે ઈલાસ્ટિકની ઘણી જરૂર હતી. તેવા સમયમાં સુરતની પાર્ટીએ ઈલાસ્ટિક અપાવ્યુ, PPE કીટનું સેમ્પલ અને કાપડ મંગાવવામાં પણ મદદ કરી.
- લોકડાઉનના સમયગાળામાં સેવા રૂરલની મેઈન્ટેનન્સની ટીમે લીફ્ટ રીપેરીગ કરાવી આપી અને પંખા રીપેરીગ પણ કરી આપ્યાં.
- આ સમયમાં બટન મશીન બગડી જવાથી બહેનોએ હાથથી બટન લગાડયા અને કંપનીમાં સમયસર ઓર્ડર પહોંચાડયો. મશીનો રીપેરીગ માટે નવા સ્થાનિક ભાઈ શોધ્યા.
- નવું કામ શીખ્યા. PPE કીટના સેમ્પલો, પેમ્પલેટ બનાવ્યા. સ્ટરીલાઈઝ (ETO) કરીને કુલ 504 નંગ PPE કીટનું વેચાણ કર્યું.
- તા. ૧૫ ઓગષ્ટ ૨૦૨૦થી કૂર્તા બનાવવાનું કામ શરૂ કર્યું. જેમાં નવી ૧૦ સહયોગી બહેનોને તાલીમ આપી તૈયાર કર્યા. આ કામ બહેનો પાસે પાર્ટસ વાઈઝ કરાવ્યું. જેથી ૧૩ બહેનોને રોજગારી મળી રહી છે. અત્યાર સુધી ( તા. ૩૧/૩/૨૦૨૧) માં કુલ ૨૧,૦૧૫ નંગ કૂર્તા બનાવ્યા. આ કૂર્તા અમો સચીન પહોંચાડીએ છીએ. તેઓ Amazon પર વેચાણ કરે છે.



કુર્તા બનાવતી બહેનો

- T-શર્ટ બનાવવાનું કામ પણ શીખ્યા. વિવેકાનંદ ગ્રામિણ ટેકનીકી કેન્દ્ર (ગુમાનદેવ)ના વિદ્યાર્થીઓના યુનિફોર્મ માટે 450 નંગ T-શર્ટ બનાવ્યા.

વર્ષ દરમ્યાન કુલ ૭૨ સહયોગી બહેનોએ રોજગારી મેળવી. ૫૫ પ્રકારની અલગ–અલગ વસ્તુઓ બનાવી. ઉપરના દરેક ઓર્ડરોને પૂરા કરવા સહયોગી બહેનોએ જરૂર પડે જાહેર રજાના દિવસે કે ચાલુ દિવસે વધુ સમય આપીને મદદરૂપ થયા અને સ્ટાફ ભાઈ–બહેનોનો પણ સાથ સહકાર સારો મળ્યો. દેશભરમાં થતી મંદીની અસર હોવા છતાં બહેનોને વર્ષ દરમિયાન કામ પૂરતા પ્રમાણમાં મળ્યું.

કામ કરતા કરતા થોડા પડકારો અને મુશ્કેલીઓ પણ આવે જેવા કે સહયોગી બહેનોની આવનજાવન, અમુક પાર્ટીના ઓર્ડર ના મળે અથવા કામ ઓછુ મળે, ઘરે સિલાઈ કામ પૂરતા પ્રમાણમાં ના આપી શકીએ, મશીનો અને લીફટ મેઈન્ટેનન્સના પ્રશ્નો નડે, અલગ અલગ પ્રકારનું સિલાઈ કામ કરીને આપવુ પડે, નાનું મોટું રીપેરીંગ કામ ફરી કરીને આપવુ પડે.



માસ્ક ધોવડાવ્યા



PPE કીટ ચેકીંગ



સીલાઈ કામ કરતી બહેનો

## સીવણ તાલીમાર્થીની આંકડાકીય માહિતી.

| વર્ષ | બેચ નંબર | તાલીમાર્થી સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૧–૧૨ | ૧ | ૧૧ |
| ૨૦૧૨–૧૩ | ૨,૩ | ૩૧ |
| ૨૦૧૩–૧૪ | ૪,૫,૬,૭ | ૬૧ |
| ૨૦૧૪–૧૫ | ૮,૯,૧૦,૧૧ | ૫૭ |
| ૨૦૧૫–૧૬ | ૧૨,૧૩,૧૪,૧૫ | ૬૪ |
| ૨૦૧૬–૧૭ | ૧૬,૧૭,૧૮,૧૯ | ૭૨ |
| ૨૦૧૭–૧૮ | ૨૦,૨૧,૨૨,૨૩ | ૮૩ |
| ૨૦૧૮–૧૯ | ૨૪,૨૫,૨૬,૨૭ | ૮૯ |
| ૨૦૧૯–૨૦ | ૨૮,૨૯,૩૦,૩૧ | ૯૩ |
| ૨૦૨૦–૨૧ | ૩૨, ૩૩ | ૨૭* |
| **કુલ** | | **૫૮૮** |

* **નોંધ:** ૨૭ બહેનોની તાલીમ હજી અધુરી છે. (કોવિડ–૧૯ને લઈને) સીવણ વર્ગો સાડા ત્રણ માસ જ ચાલુ રાખેલ હતા. સરકારની ગાઈડલાઈનને ધ્યાનમાં રાખી વર્ગો બંધ રાખેલ હતા.

## સીવણ તાલીમ વર્ગો

- કોવિડ–૧૯ લોકડાઉનને લઈને સીવણ તાલીમ વર્ગો તા. ૧૫ જુન'૨૦૨૦થી શરૂ કર્યા. કુલ નામ ૧૦૨ આવ્યા. ઈન્ટરવ્યુમાં ૫૬ બહેનો આવ્યા. જેમાંથી ૪૦ બહેનોની પસંદગી કરવામાં આવી. (જેમાં ST-37, SC-1, OBC-1, OPEN-1) આ બહેનો ૧૫ ગામડામાંથી આવી રહ્યા હતા.

સરકારની નવી ગાઈડલાઈનને ધ્યાનમાં રાખી તા. ૨૨ જુલાઈ'૨૦૨૦થી વર્ગો બંધ રાખવામાં આવ્યા. તા. ૪ ફેબ્રુ.'૨૦૨૧ થી શરૂ કર્યા. ૨૭ બહેનો ફરી આવ્યા. કોરોનાના લીધે તા. ૨૬ એપ્રિલ'૨૦૨૧ થી બંધ રાખેલ છે. સીવણ તાલીમાર્થી દરેક બહેનોને સ્વરક્ષણની તાલીમ આપી અને સેવા રૂરલમાં હેલ્થ ચેકઅપ પણ કરાવેલ છે.



સીવણ તાલીમાર્થીના ઈન્ટરવ્યુ



બહેનોને સીવણના મશીન આપ્યા
ગેલેક્ષી કંપની મદદરૂપ



સીવણના મશીન ઘરે લઈ જતા બહેનો

## સામાજિક દરજ્જો (ગારમેન્ટ, નાસ્તા)
## ૨૦૨૦–૨૧




## શૈક્ષણિક દરજ્જો (ગારમેન્ટ, નાસ્તા)
## ૨૦૨૦–૨૧




## આંકડાકીય માહિતી કુલ

| વિગત | ૨૦૨૦–૨૦૨૧ | | | ૨૦૦૨ થી ૨૦૨૧ | | |
|---|---|---|---|---|---|---|
| | નાસ્તા | ગારમેન્ટ | કુલ | નાસ્તા | ગારમેન્ટ | કુલ |
| સહયોગી બહેનો | ૨ | ૭૨ | ૭૪ | ૪૬ | ૨૫૫ | ૩૦૧ |
| કુલ ઉત્પાદન (રૂા. લાખમાં) | ૫.૭૦ | ૧૦૦.૬૦ | ૧૦૬.૩૯ | ૮૪.૧૫ | ૮૯૬.૪૨ | ૯૮૦.૫૭ |
| કુલ રોજી | ૧.૨૧ | ૨૯.૪૦ | ૩૦.૬૧ | ૧૭.૮૫ | ૨૨૯.૩૨ | ૨૪૭.૧૭ |

## કેસસ્ટડી

ઈલાબેન અર્જુનભાઈ વસાવા, ઉંમર ૩૩ વર્ષ પરણીતબેન, ધોરણ–૨ પાસ, શાંત સ્વભાવ, બહુ વાત ન કરે. તા. ૩ જુલાઈ'૨૦૨૦થી ગારમેન્ટ વિભાગમાં સિલાઈ કામ કરવા માટે જોડાયા. આ બહેને શિવણ કલાસ કરેલા ન હતા. જેથી સિલાઈનું કે મશીનની કોઈ આવડત ન હતી. તેમના પતિ સેવા રૂરલમાં ચશ્માની દુકાનમાં કામ કરે. તેમના પરિવારમાં એક બાબો છે. ઈલાબેનને કંઈક કામ શીખવાડી શકાય? એવુ ડો. ગાયત્રીબેન દેસાઈ (સેવા રૂરલના ટ્રસ્ટી) નું સૂચન આવ્યું.

જેથી તેમને ગારમેન્ટમાં મશીનની તાલીમ આપવાનું શરૂ કર્યું. હોસ્પિટલના ડોકટર્સ માટે ગાઉન બનાવ્યા. ત્યારબાદ કૂર્તા સીવવામાં પાર્ટસ વાઈઝ કામગીરી કરી રહ્યા છીએ. પહેલા એક જ પાર્ટ સીવતા. હમણાં ૩–૪ પાર્ટસ સીવી શકે. ફીનીશીગવાળુ કામ કરી શકે. પહેલા મહિને રૂા. ૨,૧૨૯ની કમાણી કરી, હાલ રૂા. ૫,૦૦૦ સુધીની કામ કરી શકે. ગયા મહિને કૂર્તાનું કામ ન હતું ત્યારે શર્ટ બનાવતા પણ શીખી ગયા. એક દિવસના ૪ નંગ શર્ટ બનાવી શકે છે અને સાથે સાથે બોલતા પણ થયા.

# બાળકેળવણી

બાળ કેળવણીનો મુખ્ય હેતુ આર્થિક અને સામાજિક રીતે પછાત એવાં કુટુંબોના બાળકોનો શિક્ષણ તથા જીવન ઘડતરની પ્રવૃત્તિઓ દ્વારા સર્વાંગી વિકાસ કરવાનો છે.

## ટયુટોરિયલ વિભાગ :

- કોરોના વાઈરસના કારણે લોકડાઉન હોવાથી શિક્ષકોએ 'વેસ્ટમાંથી બેસ્ટ' વસ્તુનો ઉપયોગ કરી શૈક્ષણિક સાધનો દ્વારા ટીચીંગ લર્નિંગ મટીરીયલ (ટીએલએમ) બનાવ્યા, વિડિયો કોન્ફરન્સ દ્વારા વાંચન કર્યું. તેમજ મોબાઈલ પર આવતી શૈક્ષણિક એપ જોઈ આગળ શું નવું કરી શકાય તે અંગે વિચારણા કરી. કોવિડ દરમ્યાન સેવા રૂરલમાંથી ગરીબોને અનાજની કીટ આપવાના કામમાં મદદરૂપ થયા.

- ટયુટોરિયલ સ્ટાફ લોકડાઉન બાદ તા. ૫ મે'૨૦૨૦થી કામ પર જોડાયા પરંતુ શૈક્ષણિક કાર્ય બંધ હોવાથી બીજા વિભાગમાં મદદ કરવાનું શરૂ કર્યું. જેમ કે હોસ્પિટલની ડેટા એન્ટ્રી, સેવા રૂરલ લાઈબ્રેરી અપડેટ કરી, વિ.જી.ટી.કે. ઓફિસના કામમાં, મેઈલીંગના કામમાં, નર્સિંગ ઈન્ટરવ્યુમાં, સ્ટાફ કાર્યકરના જન્મદિવસની શુભેચ્છા પાઠવવાના કાર્ડ બનાવવામાં મદદરૂપ થયા, તેમજ દિવાળી સ્નેહમીલનના ભાગરૂપે ચોકલેટ આપવામાં આવી તે બનાવવામાં તેમજ સેવા રૂરલને ૪૦ વર્ષ પૂર્ણ થયા તેના ભાગરૂપે કાર્યકરોને પૌષ્ટિક સીંગદાણા અને ગોળની ચિકી પેકિંગ કામમાં મદદરૂપ થયા.



અન્ય વિભાગમાં મદદ



ફિલ્ડમાં જઈ ઘરે માસ્ક કેવી રીતે બનાવવું ? તે શીખવાડયું

- કોરોના વાઈરસના લોકડાઉનના કારણે ટયુટોરિયલ વિભાગ બંધ હતો. પરંતુ નબળા બાળકો બિલકુલ અભ્યાસ ભૂલી ન જાય તે માટે ઝઘડિયાના શાંતિનગરી, નવીનગરી, મોહનફળિયા, ગાયત્રી ફળિયા વિગેરે વિઝીટ કરી જેમાં ફળિયામાં આવીને જ પાંચ પાંચ બાળકો સાથે શૈક્ષણિક કાર્ય કરીશું એવી વાલીઓ સાથે વાત કરી. બાળકોને કોરોના શું છે? શેના દ્વારા ફેલાય છે? શું સાવચેતી રાખવી? એ સમજ આપી અને માસ્ક ઘરે કેવી રીતે બનાવવું તે બાળકોને શીખવાડયું અને પાયાનું શિક્ષણ આપ્યું.

- અભ્યાસ ઉપરાંત બાળકોને રસ પડે એ હેતુથી માટીકામ, ચિત્રમાં રંગ પૂરવા જેવી પ્રવૃત્તિ કરાવી. શાળાઓમાંથી બાળકોને પ્રવૃત્તિઓ માટેની સ્વાધ્યાયપોથી આપવામાં આવે છે, તે પૂરાવવામાં મદદ કરીએ છીએ.

* તા. ૮ સપ્ટે.'૨૦૨૦ના રોજ પણ શૈશવ સંસ્થાએ તૈયાર કરેલ કોવિડ–૧૯ દરમ્યાન બાળપ્રવૃત્તિ કીટની તાલીમ ઓનલાઈન ગોઠવી હતી. તેમજ તા. ૬ અને ૭ નવે.'૨૦૨૦ના રોજ પણ શૈશવ સંસ્થા (ભાવનગર)માંથી ફાલ્ગુનભાઈ શેઠ, પારૂલબેન શેઠ, ઈશાબેન આવી વિ.જી.ટી.કે. કેમ્પસમાં બે દિવસની 'લાઈફ સ્કીલ એજ્યુકેશન' વિષય ઉપર ટ્રેનિંગ રાખી હતી તેમાં પણ ટ્યુટોરિયલ સ્ટાફ જોડાયા હતા.



'શૈશવ' સંસ્થા દ્વારા ઓનલાઈન ટ્રેનિંગ લેતા SMVS સ્ટાફ

* તા. ૯ ફેબ્રુ.'૨૧ના રોજથી બાળકોને ટ્યુટોરિયલ વર્ગમાં આવવા ઓછી સંખ્યા માટેની પરવાનગી મળી હોવાથી ટ્યુટોરિયલ વર્ગની શરૂઆત થઈ. કોવિડ–૧૯ની ગાઈડલાઈન પ્રમાણે અંતર રાખવું, માસ્ક પહેરવું, વારંવાર હાથ ધોવા વિગેરે બાબતોનું ધ્યાન રાખી વાલીઓ સાથે વાતચીત કરી ટ્યુટોરિયલ વર્ગ શરૂ કર્યા. પરંતુ ફરી કોરોના વાઈરસની મહામારીના કારણે તા. ૬ એપ્રિલ'૨૦૨૧ના રોજથી ટ્યુટોરિયલ વર્ગ બંધ કરવામાં આવ્યા.



સેનેટાઈઝરનો ઉપયોગ કરતાં ટ્યુટોરિયલ બાળકો

* આ વર્ષે કોરોના વાઈરસની મહામારીના કારણે મેગર કંપની દ્વારા તા. ૨૦ માર્ચ'૨૦૨૧ના રોજ ટ્યુટોરિયલ બાળકોમાં 'કોવીડ સ્વચ્છતા કીટ' વિતરણ કરવામાં આવ્યું. એડોલેસન્ટ વિભાગમાંથી ગાયત્રીબેન પટેલે આવીને ટ્યુટોરિયલ બાળકો અને તેમના વાલીઓને સ્વચ્છતા કીટનો ઉપયોગ અને કોવિડ–૧૯થી પોતાનો બચાવ કેવી રીતે કરવો તેની માહિતી આપી. કુલ ૧૦૩ બાળકોના કુટુંબમાં સ્વચ્છતા કીટ વિતરણ કરી. જેમાં હેન્ડવોશ, માસ્ક, સાબુ વિગેરે વસ્તુઓ આપવામાં આવી હતી.



સ્વચ્છતા કીટનું વિતરણ

* ઓએસીસ સંસ્થા દ્વારા આયોજિત "લાઈફ સ્કીલ" વિષય પરની ઓનલાઈન તાલીમમાં તા. ૫ નવે.'૨૦ના રોજ સૌ શિક્ષકો જોડાયા.

## હરતીફરતી શાળા

* કોવિડ–૧૯ના કારણે હજુ શાળાઓ શરૂ થઈ નથી અને હજુ શરૂ થવાની શકયતા પણ ઘણી ઓછી છે તેથી બાળકો પાયાનું શિક્ષણ ભૂલી ન જાય તે હેતુથી ગ્રામ્યકક્ષાના શિયાલી, ખોડાઆંબા, ગુલીયાફળીયા ગામે જઈ કોવિડ–૧૯ના સલામતીના પગલાને ધ્યાનમાં રાખી બાળકો સાથે નાના જૂથમાં શૈક્ષણિક પ્રવૃત્તિ કરી રહ્યા છીએ.

* બાળકોને અભ્યાસકીય પ્રવૃત્તિની સાથે અન્ય પ્રવૃત્તિઓ પણ કરાવીએ છીએ તેના ભાગરૂપ ગ્રામ્યકક્ષાએ શિયાલી, ખોડાઆંબા, ગુલીયા ફળીયાના તેમજ નર્મદા કિનારે આવેલા મઢીના બાળકો સાથે ઉત્તરાયણની ઉજવણી કરી. આ વખતે કોવિડ–૧૯ને ધ્યાનમાં રાખી સાવચેતીના પગલાંનો પ્રચાર થાય એ હુતેથી પતંગ પર (૧) "દો ગજ કી દૂરી, માસ્ક હૈ જરૂરી" (૨) "વારંવાર હાથ ધોઈશું, કોરોના ભગાવીશું જેવા સૂત્રો છપાવ્યા. બાળકોએ આનંદથી પતંગ ચગાવ્યા.



ગ્રામ્યસ્તરે ઉતરાયણની ઉજવણી

## કલરવ

* તા. ૫ જુન'૨૦૨૦ "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણીના ભાગરૂપે કલરવના બાળકો સાથે ટયુટોરિયલના નવા પરિસરમાં વૃક્ષારોપણ કર્યું.



કલરવ વર્કશોપ લેતાં નિમિષાબેન દેસાઈ

* છેલ્લા ઘણાં સમયથી સ્ટાફના બાળકો સાથે કલરવ પ્રવૃત્તિ ચાલે જ છે. પરંતુ પંદર વર્ષથી ઉપરનાં કિશોરો, યુવા બાળકોની મૂંઝવણ, પ્રશ્નો અને ખાસ તો આ ઉંમરે ઉદ્દભવતા પ્રશ્નોની મુશ્કેલીઓની ખુલ્લા મને વાત કરી શકે તેવો એક વર્કશોપ "આવો મજા કરીએ, અન વાતો કરીએ"નું આયોજન તા. ૯ જાન્યુ. ૨૦૨૧ના રોજ કર્યું હતું. વડોદરા "ઓળખ" સંસ્થાના નિમિષાબેન દેસાઈ (વડોદરા) એ બાળકો સાથે મુકત મને પ્રશ્નોતરી, રમત, ગૃપચર્ચા અને પ્રેઝન્ટેશન દ્વારા આ વિષયને રસપ્રદ બનાવ્યો. બાળકોનાં ફીડબેકમાં વાલીઓ સાથે પણ આવા વર્કશોપનું આયોજન કરવું જોઈએ એવું આવ્યું. તેના ભાગરૂપે નિમિષાબેન કેટલાંક બાળકોનાં વાલીઓને પણ વ્યકિતગત રીતે મળ્યાં, માર્ગદર્શન અને કાઉન્સેલીંગ કર્યું હતુ. અંતમાં આવા વર્કશોપનું નિયમિત પ્લાનીગ કરવાનું નકકી કર્યુ.

## અત્યંત ગરીબ માટે શું કર્યુ ?



* ઝઘડિયા મઢી (નર્મદા કિનારે) ખેતરમાં કામ કરતાં અને મોટાસાંજાના વિચરતી જાતિના સમૂહના શેરડીના ખેતરમાં જેના માતાપિતા ખેતરે મજુરી કરવા જાય તેથી બાળકો શાળાએ જતા નથી એવા બાળકો સાથે કામ કર્યુ. ઘણા બાળકો કોઈ દિવસ શાળાના પગથીયા ચઢયા ન હતા. સાથે તેમને પર્સનલ હાયજીન સાથે તેમને સ્વચ્છતા, વિવિધ રમતો દ્વારા શિક્ષણ પુરુ પાડવામાં આવ્યું. શાળામાં જવા

માટે માતા–પિતાને પ્રોત્સાહિત કર્યા. બાળકો સાથે પાયાનું શિક્ષણ અને અન્ય પ્રવૃત્તિની શરૂઆત કરી. કુલ બાળકો આશરે ૧૭–૧૮ જેટલા થાય છે.

મઢીના બાળકો સાથે દિવાળીના વેકેશન દરમ્યાન ઈડલી વડા સંભાર રમત રમાડતા ખબર પડી કે ઈડલી તેમણે જોઈજ નથી, તેમને ઈડલી સંભાર ખવડાવ્યા અને ફટાકડા ફોડી દિવાળીની ઉજવણી કરી.



## આંકડાકીય માહિતી

| અ. નં. | ૨૦૨૦–૨૧ | વિગત | ૨૦૦૨ થી ૨૦૨૧ |
|---|---|---|---|
| ૧. | ૧૨૩ | મુખ્ય કેન્દ્રસ્થાને વિદ્યાર્થીઓની સંખ્યા ( ૭ ફળીયા) | ૨૭૯૬ |
| ૨. | - | ગ્રામ્યસ્તર | ૯૯૮ |
| ૩. | — | શાળાકીય પ્રવૃત્તિ (ધોરણ ૭ વિજ્ઞાન–ગણિત) | ૩૦૦ |
| ૪. | ૯૫ | મોબાઈલ વાન પ્રવૃત્તિ (૩ ગામ) | ૮૪૮૫ |
| ૫. | — | મૂલ્ય શિક્ષણ અને સ્વાધ્યાયમાળા કાર્યક્રમ | ૩૯૭૮ |
| કુલ | ૨૧૮ | | ૧૬૫૫૭ |

## વર્ષ ૨૦૨૦–૨૧ સામાજિક દરજ્જો




## વર્ષ ૨૦૨૦–૨૧ છોકરી–છોકરા



# કોવિડ–૧૯ના કારણે બાળકોના અભ્યાસ પર અસર

- કોવિડ–૧૯ના કારણે શાળાઓ બંધ રહેવાથી બાળકોના અભ્યાસ પર મોટી અસર જોવા મળી.
- ગામડાઓમાં માતા–પિતાની નોકરી છૂટી જવાથી આર્થિક પરિસ્થિતિ વધુ નબળી બનતા બાળકો પણ મજુરી તરફ વળ્યા.

**ઓનલાઈન એજયુકેશનની શરૂઆત :–**

- શાળાઓમાંથી આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી ઓનલાઈન એજયુકેશન શરૂ કર્યું, પરંતુ...
  ૧. ગામડાઓમાં, ઘરમાં કોઈ શિક્ષિત ન હોય તો બાળકોને આ ટેકનોલોજી કેવી રીતે સમજાવે?
  ૨. આર્થિક પરિસ્થિતિ નબળી હોય ત્યાં એન્ડ્રોઈડ મોબાઈલ કયાંથી લાવવો ?
- એક જ મોબાઈલ હોય અને બે–ત્રણ બાળકો ભણતાં હોય.
- ગામડામાં કવરેજનો પ્રશ્ન, વારંવાર રીચાર્જનો પ્રશ્ન
- ગામડામાં કામ કરતાં જાણવા મળ્યું કે, મા–બાપ પોતાની કિંમતી વસ્તુ ગીરવે મૂકી કે વેચીને મોબાઈલ ખરીદે, શરૂઆતમાં હોંશમાં બાળકો અભ્યાસ માટે વાપરે પછી બીનજરૂરી વસ્તુ જોવામાં વપરાશ વધારે.
- બાળકોમાં મોબાઈલ વાપરવાની ટેવ વધારે પડી.
- ભણવાના સમય દરમ્યાન મોબાઈલ ચાલુ રાખીને બીજા બધા કામો કરે.
- શાળામાં પ્રત્યક્ષ રીતે જેટલું સારી રીતે ભણાવી શકાય તેટલું મોબાઈલ પર છોકરાઓ ધ્યાન ન આપે.

ઉપરના કારણોને લીધે બાળકોના અભ્યાસ પર માઠી અસર જોવા મળી રહી છે.

**સાચી કેળવણી**
**એ છે કે જેના દ્વારા**
**સ્વયંને ઈશ્વરને અને**
**સત્યને ઓળખી શકીએ.**

– મહાત્મા ગાંધીજી

# વહીવટી સંચાલન

સંસ્થાનું કામકાજ લાંબાગાળા સુધી તેના ધ્યેય અને અભિગમ પ્રમાણે ચાલતુ રહે તે માટે સંસ્થાના વહીવટ અને સંચાલનમાં ગામડાની સહયોગી બહેનો, વિવિધ કાર્યક્રમોને સંભાળતી બહેનો, તેમજ અનુભવી મહિલા નિષ્ણાતો સાથે સમયાંતરે મિટિંગ કરવામાં આવે છે. આ બધી જ મિટિંગોની શરૂઆત પ્રાર્થના અને સદ્‌વાંચનથી કરવામાં આવે છે. સાથે જ સ્ટાફને પ્રોત્સાહિત કરવા માટે તેમણ કરેલા કામ માટે અભિનંદન આપવામાં આવે છે.

આ વર્ષ દરમ્યાન કોરગ્રુપની ૨૫, કારોબારીની પાંચ અને નિયામક મંડળની બે મિટિંગો કરવામાં આવી.

- કોરગ્રુપની મિટીગમાં વિભાગીય પ્રવૃત્તિઓ આવનાર નવા કાર્યક્રમનું આયોજન અને ઓડિટના મુદ્દાઓ તેમજ સ્ટાફના ઓર્ડર રીન્યુઅલ વિગેરેની વાત થઈ. દરેક વિભાગમાં ચાલતી પ્રવૃત્તિઓ, મુશ્કેલી, નિરાકરણ વિગેરેની વાત થઈ. કોવિડ–૧૯ની પરિસ્થિતિમાં શારદા મહિલા વિકાસ સોસાયટી (SMVS)ની પ્રવૃત્તિમાં ફેરફાર કરવા, કઈ પ્રવૃત્તિ ઓછી કરી શકાય? આર્થિક રીતે શું કરી શકાય? તેની ચર્ચા થઈ. ગારમેન્ટ વિભાગના નવા કામ, ટયુટોરિયલ વિભાગના સ્ટાફની અન્ય વિભાગોમાં ગોઠવણ, નાસ્તા વિભાગમાં હોસ્પિટલનું કામ તેમજ SMVSના વાર્ષિક રિપોર્ટ તેમજ મેઈલીગ વિગેરેની ચર્ચા થઈ. ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન, લાયસન્સ રીન્યુ, એફ.ડી. રીન્યુ વિગેરેની વાત કરી. સ્ટાફના ઓર્ડર રીન્યુ કર્યા અને નવો ઓર્ડર આપતી વખતે ડો. લતાબહેન દેસાઈ સાથે 'સંવાદથી સ્વવિકાસ' નું પ્લાનિંગ કર્યુ.

- કારોબારી સભ્યોની તા. ૮ જુલાઈ'૨૦૨૦ના રોજ ઓનલાઈન મિટીગનું આયોજન કરવામાં આવ્યું. જેમાં શારદા મહિલા વિકાસ સોસાયટીના દરેક વિભાગની વર્ષ ૨૦૧૯–૨૦ની પ્રવૃત્તિઓ બજેટ અને ખર્ચ તેમજ વર્ષ ૨૦૨૦–૨૧ બજેટની વાત કરી.

  તા. ૧૯ સપ્ટે.'૨૦૨૦ના રોજ કારોબારી ઓનલાઈન મિટીગ કરી. જેમાં શારદા મહિલા વિકાસ સોસાયટીની હાલની પ્રવૃત્તિઓની ફોટા સાથે વાત કરી..

  તા. ૨૧ નવે.૨૦૨૦ના રોજ કારોબારી ઓનલાઈન મિટીગ કરી. જેમાં શારદા મહિલા વિકાસ સોસાયટીનું આર્થિક પ્રવૃત્તિનું પ્રેઝન્ટેશન કર્યુ.

  તા. ૧૬ જાન્યુ.'૨૧ના રોજ કારોબારી ઓનલાઈન મિટીગ કરી. જેમાં શારદા મહિલા વિકાસ સોસાયટીના ટયુટોરિયલ વિભાગનું પ્રેઝન્ટેશન કર્યુ.

  તા. ૨૦ ફેબ્રુ.'૨૧ના રોજ કારોબારી ઓનલાઈન મિટીગ કરી. જેમાં ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણીની ચર્ચા....જેની થીમ "Women in leadership Achieving an equal future in a Covid-19 world."

- નિયામક મંડળની તા. ૩૦ સપ્ટે.'૨૦૨૦ અને તા. ૧૩ માર્ચ'૨૦૨૧ આમ બે મિટીંગો થઈ હતી. સપ્ટેમ્બર'૨૦ના રોજ ઓડીટેડ એકાઉન્ટને મંજુરી મેળવવામાં આવી હતી. ૬ માસિક પ્રવૃત્તિનો અહેવાલ રજુ કર્યો. ત્રણ વર્ષ પુરા થતા ડો. અમીબેન યાજ્ઞિક (સુરત), પ્રતિભાબેન પંડયા (અમદાવાદ) અને નિમિષાબેન દેસાઈ (વડોદરા) ની ટ્રસ્ટીશીપ મુદત ત્રણ વર્ષ માટે લંબાવવામાં આવી. FCRA એકાઉન્ટ SBI ન્યુ દિલ્હીની બ્રાંચમાં ખાતા ખોલવા, ઈન્ટરનેટ બેંકીગ સેવા માટે ઠરાવો કર્યા. જયારે માર્ચ મહિનાની મીટીગમાં વર્ષ ૨૦૨૧–૨૨ના બજેટની મંજુરી મેળવી. FCRA એકાઉન્ટ વિશે અપડેટ કર્યા. વર્ષ દરમિયાનની શારદા મહિલા વિકાસ સોસાયટીની પ્રવૃત્તિનો અહેવાલ રજુ કર્યો. સ્થાનિક સભ્યો મિટિંગમાં રૂબરૂ જોડાયા, જયારે બહાર ગામ રહેતા સભ્યો મિટીંગમાં ઓનલાઈન જોડાયા હતા.
- તા. ૧૯ જુલાઈ'૨૦ના રોજ શારદા મહિલા વિકાસ સોસાયટી (SMVS)ની વાર્ષિક સાધારણ સભા સોશ્યલ ડીસ્ટન્સ રાખી કરવામાં આવી હતી. જેમાં શરૂઆતમાં પ્રેરણાદાયી વાંચન અને તેની ચર્ચા કરવામાં આવી. ત્યારબાદ ડો. અપૂર્વાબેન ચૌહાણે કોવિડ–૧૯ના સંદર્ભમાં સૌ બહેનોને સામાન્ય માહિતી આપી. ત્યારબાદ સ્ટાફ અને પરિવારના સારાનરસાં પ્રસંગોની વાત કરી. ત્યાર પછી SMVSની આર્થિક પ્રવૃત્તિના આખા વર્ષના હિસાબોની રજુઆત અને નફાની ફાળવણીની ચર્ચા થઈ. ગારમેન્ટ અને નાસ્તાની સહયોગી બહેનોને નફામાંથી ઈન્સેન્ટીવ, ગીફ્ટ વિગેરેના પૈસાની ફાળવણી કરવામાં આવી. સાથે વર્ષ દરમ્યાન સૌથી વધુ કામ કરનાર સપનાબહેન ભરતભાઈ પટેલને પ્રથમ નંબર અને સહયોગી બહેનોને ગીફ્ટ આપવામાં આવી.

## નવા જોડાનાર

- જરીનાબેન બિલાલભાઈ શેખ તા. ૧ ઓકટો.'૨૦૨૧થી ગારમેન્ટ વિભાગમાં કુર્તાની કામગીરીની દેખરેખ માટે સહાયક સ્ટાફ તરીકે જોડાયા. જે પહેલા સહયોગી તરીકે ગારમેન્ટમાં કામ કરતા હતા.

## છુટા થનાર :

- ડીમ્પલબેન તુષારભાઈ દેસાઈનું બાળક નાનું હોવાથી તા. ૧૬ ડિસે.૨૦૨૦થી સંસ્થામાંથી છૂટા થયા છે.
- ભારતીબેન ધર્મેન્દ્રકુમાર પરમાર સામાજિક કારણોસર તા. ૧ માર્ચ ૨૦૨૧ થી સંસ્થામાંથી છૂટા થયા છે.

# અમારા સહયોગીઓ

દેશ પરદેશના મિત્રો, શુભેચ્છકો, સંસ્થાઓ તેમજ ઉદ્યોગગૃહો તરફથી નાણાંકીય સહાય અને વડોદરા, ભરૂચ, અંકલેશ્વરના જે તે વિષયના નિષ્ણાંત ભાઈ–બહેનોની મદદ નિયમિત રીતે મળતી રહેછે.

સંસ્થાની શરૂઆતમાં બિનઔપચારિક રીતે સંસ્થા દ્વારા ચાલતા ગ્રામ્યસ્તરના મહિલા જૂથોએ ઉભું કરેલ રૂા. ૧૬ લાખનું ભંડોળ સર્વાનુમતે આપીને તેમજ માતૃ સંસ્થા સેવા રૂરલે મહિલા વિકાસ કાર્યક્રમો માટેના નાણાં, વપરાતુ મકાન અને સાધનસામગ્રી વિગેરે થઈને લગભગ રૂા. ૬૬.૧૦ લાખ સહાય વિનામૂલ્યે વાપરવા આપીને અવિસ્મરણીય દાખલો પૂરો પાડ્યો.

**વર્ષ ૨૦૨૦–૨૧**

**રૂા. ૬૩.૨૮ લાખ**




**વર્ષ ૨૦૦૨–૨૧**

**રૂા. ૧૯૮૯.૮૪ લાખ**




**ઓગણીસ** વર્ષના અંતે પ્રવૃત્તિઓનો વ્યાપ લગભગ ચાર ગણો વધી ગયો છે. હવે શૈક્ષણિક પ્રવૃત્તિઓ પાછળ વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હોવાને લીધે, આ પ્રવૃત્તિઓ પાછળ સંસ્થામાં માત્ર ૩ ટકા જેટલો થતો ખર્ચ પણ વધીને હવે ચાર ગણાથી વધારે થઈ રહ્યો છે. આર્થિક પ્રવૃત્તિઓ સ્વનિર્ભર રીતે ચાલે છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓ મિત્રો અને શુભેચ્છકોના સહકારથી દિન પ્રતિદિન વિકસી રહી છે.

## કુલ ખર્ચ

**૨૦૦૨–૦૩** **રૂા. ૩૨ લાખ** | **૨૦૨૦–૨૧** **રૂા. ૧૨૪.૭૪ લાખ** | **૨૦૦૨–૨૧** **રૂા. ૨૨૨૦.૪૬ લાખ**



# અમે આભારી છીએ દાતાઓના......

## મિત્રો

| | | | |
|---|---|---|---|
| ૧. | ચિત્રાબેન ઉપેન્દ્રભાઈ અલમૌલા | સુરત | ૫૦,૦૦૦ |
| ૨. | નીશાબેન રમેશભાઈ અલમૌલા | સુરત | ૫૦,૦૦૦ |
| ૩. | ડો. તરુબેન ગોપાલભાઈ પટેલ | અમદાવાદ | ૩૦,૦૦૦ |
| ૪. | ગીતાબેન નવીનચંદ્ર શાહ | સુરત | ૨૫,૦૦૦ |
| ૫. | નેહલબેન નવીનચંદ્ર શાહ | સુરત | ૨૫,૦૦૦ |
| ૬. | અરૂણભાઈ એ. મોદી | વડોદરા | ૫,૦૦૧ |
| ૭. | જૈમિનીબેન અતુલભાઈ વ્યાસ | ઝઘડિયા | ૫૦૧ |

## ઉદ્યોગો :

| | | | |
|---|---|---|---|
| ૧. | વિનસ્ટીલ એન્જીનીયરીંગ વર્કસ | સચિન | ૧,૦૦,૦૦૦ |
| ૨. | પચ્ચીઘર જવેલર્સ | સુરત | ૧,૦૦,૦૦૦ |

## સંસ્થાઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | ડિવિઝન ચેરીટી | ન્યુદિલ્હી | ૨,૦૦,૦૦૦ |
| ૨. | સ્નેહલતાબેન બાબુભાઈ કાપડીયા ચેરીટેબલ એન્ડ રીલીજીયસ ટ્રસ્ટ | સુરત | ૨૫,૦૦૦ |
| ૩. | શ્રીમતિ રાધિકા હિંમતલાલ પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ | વડોદરા | ૧૦,૦૦૦ |

## પરદેશની સંસ્થાઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | આશિષભાઈ પટેલ | યુ.એસ.એ. | ૭,૩૩૮ |
| ૨. | અંશી નિશીતભાઈ શાહ | યુ.એસ.એ. | ૫,૦૦૦ |

## વર્ષ દરમ્યાન મળેલ વસ્તુદાનની યાદી

| | | | |
|---|---|---|---|
| ૧. | ડો. આસિતભાઈ અને ડો. સ્મીતાબેન શાહ જેક કંપનીનું સિલાઈ મશીન ૧ નંગ | વડોદરા | ૧૯,૦૦૦ |
| ૨. | નટુભાઈ મહેતા | વેસુ | ૧૫૬ મીટર શર્ટીંગ રંગીન કાપડ |

# NATVARLAL VEPARI & CO.
*Chartered Accountants*
PAN : AADFN5448E
1st Floor, River Palace-II, Near Navdi Ovara, Nanpura, Surat 395 001 | www.vepari.com
Tel. : +91 261 246 3636 | +91 261 246 3634 | E-mail : vepari@youtele.com


## INDEPENDENT AUDITOR'S REPORT

**To the Trustees of**
**Sharda Mahila Vikas Society**

**Opinion**

We have audited the Financial Statements of **Sharda Mahila Vikas Society** ("the Trust"),having Trust Registration Number - **F/903/Bharuch** which comprise the Balance Sheet as at 31st March, 2021. and the Income and expenditure account for the year then ended, and notes to the financial statements, including a summary of significant accounting policies.

In our opinion, the accompanying Financial Statements of the entity are prepared, in all material respects, in accordance with Bombay Public Trust Act, 1950 applicable to the State of Gujarat. Audit Report as required under Bombay Public Trust Act, 1950 and rules made there under is annexed as "Annexure A".

**Basis for Opinion**

We conducted our audit in accordance with the Standards on Auditing (SAs) issued by Institute of Chartered Accountants of India. Our responsibilities under those Standards are further described in the *Auditor's Responsibilities for the Audit of the Financial Statements* section of our report. We are independent of the entity in accordance with the *Code of Ethics* issued by the Institute of Chartered Accountants of India, and we have fulfilled our other ethical responsibilities in accordance with these requirements and the Code of Ethics. We believe that the audit evidence we have obtained is sufficient and appropriate to provide a basis for our opinion.

**Responsibilities of Management and those Charged with Governance for the Financial Statements**

The Trust's Management is responsible for the preparation of these financial statements in accordance with Bombay Public Trust Act, 1950 & Rule made thereunder and for such internal control as management determines is necessary to enable the preparation of financial statements that are free from material misstatement, whether due to fraud or error.

In preparing the financial statements, management is responsible for assessing the trust's ability to continue as a going concern, disclosing, as applicable, matters related to going concern and using the going concern basis of accounting unless the Management either intends to liquidate the trust or to cease operations, or has no realistic alternative but to do so.

The Trust's management is also responsible for overseeing the Trust's financial reporting process.

**Auditor's Responsibilities for the Audit of the Financial Statements**

Our objectives are to obtain reasonable assurance about whether the financial statements as a whole are free from material misstatement, whether due to fraud or error, and to issue an auditor's report that includes our opinion. Reasonable assurance is a high level of assurance, but is not a guarantee that an audit conducted in accordance with SAs will always detect a material misstatement when it exists. Misstatements can arise from fraud or error and are considered material if, individually or in the aggregate, they could reasonably be expected to influence the economic decisions of users taken on the basis of these financial statements.

As part of an audit in accordance with SAs, we exercise professional judgment and maintain professional skepticism throughout the audit. We also:

- Identify and assess the risks of material misstatement of the financial statements, whether due to fraud or error, design and perform audit procedures responsive to those risks, and obtain audit evidence that is sufficient and appropriate to provide a basis for our opinion. The risk of not detecting a material misstatement resulting from fraud is higher than for one resulting from error, as fraud may involve collusion, forgery, intentional omissions, misrepresentations, or the override of the Trust's internal control.
- Obtain an understanding of internal control relevant to the audit in order to design audit procedures that are appropriate in the circumstances, but not for the purpose of expressing an opinion on the effectiveness of the Trust's internal control.

  Evaluate the appropriateness of accounting policies used and the reasonableness of accounting estimates and related disclosures made by the Trust's management.
- Conclude on the appropriateness of the Trust's management use of the going concern basis of accounting and, based on the audit evidence obtained, whether a material uncertainty exists related to events or conditions that may cast significant doubt on the Company's ability to continue as a going concern. If we conclude that a material uncertainty exists, we are required to draw attention in our auditor's report to the related disclosures in the financial statements or, if such disclosures are inadequate, to modify our opinion. Our conclusions are based on the audit evidence obtained up to the date of our auditor's report. However, future events or conditions may cause the Trust to cease to continue as a going concern.

  We communicate with the Trust's management regarding, among other matters, the planned scope and timing of the audit and significant audit findings that we identify during our audit.

**For Natvarlal Vepari & Co.**
**Chartered Accountants**
**Firm Reg. No. 123626W**

Date: 19 JUL 2021

Place: Surat

**Partner**

Name: Urvesh B. Jhaveri ( Mem. No.: 115773 )

UDIN :

| 2 | 1 | 1 | 1 | 5 | 7 | 7 | 3 | A | A | A | A | N | A | 1 | 6 | 5 | 8 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|

NATVARLAL VEPARI & CO.,
CHARTERED ACCOUNTANTS
FIRST FLOOR , RIVER PALACE-II,
NANPURA,SURAT- 395001

**Annexure - "A" to the Auditors' Report**
**(Referred to under Opinion Section of Our report of even date)**

**Name of Trust:** Sharda Mahila Vikas Society

**PAN :** AACTS8212L **Reg. No.:** F/903/Bharuch

1) The accounts are maintained regularly and in accordance with the provisions of the Act and Rules;

2) The Incomes and Expenses have been appropriately and genuinely shown in the accounts;

3) There is no cash on hand;

4) All books, deeds, accounts, vouchers and other records required by us were produced before us;

5) Register of movable and immovable property is properly maintained;

6) One of the Trustees had appeared before us and has furnished the necessary information required by us;

7) No property or funds of the Trust were applied for any object or purpose other than the object or purpose of the Trust;

8) There are outstanding debts of Rs. 3,32,859 due for more than one year but, no amount or part thereof has been written off as bad debts;

9) During the year, tenders were not invited for construction and/or repairs & renovation expenses exceeding Rs. 5,000/- as they were carried out under the supervision of the trustees;

10) Immovable property of the Trust has not been alienated in contravention of the provisions of Section 36;

11) The funds of the Trust have not been invested contrary to the provisions of section 35;

## Significant Accounting Policies

**Name of Trust:** Sharda Mahila Vikas Society

**PAN :** AACTS8212L **Reg. No.:** F/903/Bharuch

(a) Financial Statements are prepared at actual cost and on accrual basis;

(b) Immovable and Movable properties are stated at cost;

(c) During the year the trust has provided depreciation as per schedule of Fixed Assets;

(d) Investments are stated at purchase cost,

(e) Gratuity is paid to staff at the time of retirement or resignation and accounted in the year of payment;

**For Natvarlal Vepari & Co.**
**Chartered Accountants**
**Firm Reg. No. 123626W**

Date : 19 JUL 2021
Place: Surat

Partner

Name: Urvesh B. Jhaveri ( Mem. No.: 115773 )
UDIN : 21115773AAAANA1658

100% Recycled

NATVARLAL VEPARI & CO.,
CHARTERED ACCOUNTANTS
FIRST FLOOR , RIVER PALACE-II,
NANPURA,SURAT- 395001

**SCHEDULE VIII**
(Vide Rule 17(1))

**Name of Public Trust:** Sharda Mahila Vikas Society

**Registration No.:** F/903/Bharuch

**Address of Trust :** C/o.Sewa Rural, At: Jhagadia, 393110 Dist. Bharuch

**Contact No. :**

**E-mail :** sewarural@ymail.com

**Details of bank account relating to transaction of foreign contribution of trust**

**Name of Bank :** Bank of Baroda

**Branch :** Jhagadia

**Bank Account No.:** 07280100003166

**F.C.R.A. No. :** 041990065

**F.C.R.A. Date :** 15-04-2008

**BALANCE SHEET AS AT 31ST MARCH, 2021**

| FUNDS & LIABILITIES | Rs. | Rs. | PROPERTIES & ASSETS | Rs. | Rs. |
|---|---|---|---|---|---|
| Trust Fund: Corpus | | | Immovable Properties | | |
| Trust Fund : Corpus- Balance as per Last Balance Sheet | 27,645,678.00 | | Immovable Properties - As Per Annexure 'B' | 608,058.90 | 608,058.90 |
| Add: Donation Received During the Year From Foreign Country | 575,231.00 | 28,220,909.00 | Movable Properties | | |
| | | | Movable Properties - As Per Annexure 'C' | 1,760,195.13 | 1,760,195.13 |
| Other Earmarked Funds | | | Investments | | |
| Reserve Fund | 25,000.00 | | Investments - As Per Annexure 'D' | 8,000,000.00 | 8,000,000.00 |
| Other Earmarked Funds | 1,619,798.00 | 1,644,798.00 | Advances | | |
| Liabilities | | | Income Tax- TDS | 508,597.00 | |
| For Sundry Credit Balances – As per Annexure 'G' | 450,091.00 | 450,091.00 | To Others – As per Annexure 'E' | 2,752,904.00 | 3,261,501.00 |
| Income and Expenditure Account | | | Cash and Bank Balances - As Per Annexure 'F' | | |
| Balance as per Last Balance Sheet | 11,520,862.00 | | Balance with Schedule Bank(s) in Fixed Deposit A/c | 27,755,000.00 | |
| Add /(Less): Surplus or (Deficit) as per Income and Expenditure Account | 2,617,247.03 | 14,138,109.03 | Balance with Schedule Bank(s) in Savings A/c | 3,069,152.00 | 30,824,152.00 |

Continue......

100% Recycled

| FUNDS & LIABILITIES | Rs. | Rs. | PROPERTIES & ASSETS | Rs. | Rs. |
|---|---|---|---|---|---|
| TOTAL | | 44,453,907.03 | TOTAL | | 44,453,907.03 |

In case the accounts are maintained on cash basis, state the income outstanding here below :

The above Balance Sheet to the best of my/our belief contains a true account of the Funds & Liabilities and of the Properties and Assets of the trust.

Date : 19 JUL 2021
Place Surat.
Trustee,

As per our report of even date
For Natvarlal Vepari & Co.
Chartered Accountants
Firm Reg. No. 123626W

Partner

Name of Trustee : Dr. Lata Desai
Address of Trustee : c/o Sewa Rural Campus, At-Jhagadia-393110
Contact no. of Trustee : 9427101285

PRESIDENT
SHARDA MAHILA VIKAS SOCIETY
SEWA RURAL, JHAGADIA-393110
DIST. BHARUCH.

Name of Auditor : NATVARLAL VEPARI & CO.
Address of Auditor : FIRST FLOOR , RIVER PALACE-II, NANPURA,SURAT- 395001
Contact no. of Auditor : 0261-2463636
Name: Urvesh B. Jhaveri ( Mem. No.: 115773 )
UDIN :
21115773AAAANA1658

Note : (1) Market Value of Investment as on 31st March, 2021 is Rs.8,016,000 (Total)

| Sr. No. | Description | Amount |
|---|---|---|
| 1 | Bank of Baroda Perpetual Bond | 8,016,000 |
| | Total : | 8,016,000.00 |

(2) As per explanation & information provided, no Trustees are interested in concern in which investment is made

100% Recycled

NATVARLAL VEPARI & CO.,
CHARTERED ACCOUNTANTS
FIRST FLOOR , RIVER PALACE-II,
NANPURA,SURAT- 395001

**SCHEDULE IX**
(Vide Rule 17(1))

**Name of Public Trust:** Sharda Mahila Vikas Society
**Registration No.:** F/903/Bharuch
**Address of Trust :** C/o.Sewa Rural, At: Jhagadia, 393110 Dist. Bharuch
**Contact No. :**
**E-mail :** sewarural@ymail.com
**Details of bank account relating to transaction of foreign contribution of trust**
**Name of Bank :** Bank of Baroda
**Branch :** Jhagadia
**Bank Account No.:** 07280100003166
**F.C.R.A. No. :** 041990065
**F.C.R.A. Date :** 15-04-2003

## INCOME & EXPENDITURE ACCOUNT FOR THE YEAR ENDED 31ST MARCH, 2021

| EXPENDITURE | Rs. | Rs. | INCOME | Rs. | Rs. |
|---|---|---|---|---|---|
| Establishment Expenses | | | Interest | | |
| Other Establishment Expenses | 14,083.00 | 14,083.00 | Bank Interest | 2,489,834.24 | 2,489,834.24 |
| Depreciation | | | Donation in Cash or Kind | | |
| Depreciation | 388,084.21 | 388,084.21 | Donation | 45,501.00 | |
| | | | Foreign Donation | 12,338.00 | 57,839.00 |
| Expenditure on objects of the Trust | | | Income from other sources | | |
| Educational Help | 1,669,840.00 | 1,669,840.00 | Miscellaneous Income – As per Annexure 'H' | 2,122,371.00 | |
| | | | Interest on Income Tax Refund | 19,210.00 | 2,141,581.00 |

Continue......

100% Recycled

| EXPENDITURE | Rs. | Rs. | INCOME | Rs. P. | Rs. P. |
| --- | --- | --- | --- | --- | --- |
| Surplus carried over to Balance Sheet | | 2,617,247.03 | | | |
| TOTAL | | 4,689,254.24 | TOTAL | | 4,689,254.24 |

Date : 19 JUL 2021
Place Surat
Trustee,

Name of Trustee : Dr. Lata Desai
Address of Trustee : c/o Sewa Rural Campus, At-Jhagadia-393110
Contact no. of Trustee : 9427101285

PRESIDENT
SHARDA MAHILA VIKAS SOCIETY
SEWA RURAL, JHAGADIA-393110
DIST. BHARUCH.

As per our report of even date
For Natvarlal Vepari & Co.
Chartered Accountants
Firm Reg. No. 123626W

Partner

Name of Auditor : NATVARLAL VEPARI & CO.
Address of Auditor : FIRST FLOOR , RIVER PALACE-II, NANPURA SURAT- 395001
Contact no. of Auditor : 0261-2463636
Name: Urvesh B. Jhaveri ( Mem. No.: 115773 )
UDIN : 21115773AAAANA1658

# જવાબદેહિતા અને પારદર્શિતા

| | વિગત | અમલ |
|---|---|---|
| (A) | **નોંધણી** | |
| | * નામ | * શારદા મહિલા વિકાસ સોસાયટી |
| | * સાર્વજનિક ટ્રસ્ટ કાયદો | * એફ / ૯૦૩ / ભરૂચ, તા.૧૮–૬–૨૦૦૨ |
| | * સોસાયટી રજીસ્ટ્રેશન કાયદો | * ગુજ. / ૯૧૪ / ભરૂચ તા. ૧૮–૬–૨૦૦૨ |
| | * FCRA (ફોરેન કોન્ટ્રીબ્યુશન રેગ્યુલેશન એકટ ) | * ૦૪૧૯૯૦૦૬૫ તા.૧૧–૪–૨૦૦૪ |
| | * PAN (પરમેનન્ટ એકાઉન્ટ નંબર) | * AACTS8212L |
| | * TAN ( ટેક્ષ ડીડકસન કલેકશન નંબર ) | * BRDS01634D |
| | * ભારત સરકાર દ્વારા માન્યતા | * CSR00002917 |
| | * નિતિ આયોગ દર્પણ રજીસ્ટ્રેશન નંબર | * GJ/2017/0150631 |
| | * આવકવેરા કાયદામાંથી કરમુકિત | |
| | ◈ ઈન્કમટેક્ષ એકટ મુજબ ૧૨ (A) રજીસ્ટ્રેશન | * AAATS7375JE20214 તા.૩૧–૩–૨૦૨૬ સુધીની મંજુરી. |
| | ◈ ૮૦ જી (૫) હેઠળ (૫૦%) | * AACTS8212LF2021401 તા.૩૧–૩–૨૦૨૬ સુધીની મંજુરી. |
| (B) | **સંસ્થાના ધ્યેય અને અભિગમની સ્પષ્ટતા અને પ્રતિબધ્ધતા** | |
| | * સંસ્થાના વિવિધ અહેવાલોમાં રજૂઆત | * સ્પષ્ટ અને દઢ |
| | * કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં રૂપાંતરિત થયું છે ? | * સારી રીતે |
| | * કાર્યકરો, લાભાર્થીઓ અને સ્થાનિક લોકોમાં સ્પષ્ટતા અને સ્વીકૃતિ | * સભાન પ્રયત્ન ચાલુ છે. |
| (C) | **વહીવટ અને સંચાલન** | |

| વિગત | સ્ત્રી સભ્યો | પુરૂષ સભ્યો | કુલ | સ્થાનિક |
|---|---|---|---|---|
| * નિયામક મંડળ (વર્ષમાં ૨ થી ૩ વાર મળે) તા. ૩૦/૯/૨૦૨૦, તા. ૧૩/૩/૨૦૨૧ | ૦૮ | ૦૨ | ૧૦ | ૦૫ |
| * કારોબારી કમિટી (વર્ષમાં ૮ થી ૧૦ વાર) | ૧૬ | - | ૧૬ | ૧૦ |
| કુલ | ૨૪ | ૦૨ | ૨૬ | ૧૫ |

| | વિગત | અમલ |
|---|---|---|
| | * સાધારણ સભા | દર વર્ષે નિયમિત યોજાઈ છે. |
| | * દરેક પ્રવૃત્તિનું સમયાંતરે મોનિટરીગ અને સમીક્ષા માટેના લક્ષ્યાંકો તથા તે માટે પધ્ધતિ | * માસિક, ત્રિમાસિક – સુવ્યવસ્થિત અને અમલમાં ગુણવત્તા પર ભાર |
| | * ખરીદી, સ્ટોર અને વિતરણ પધ્ધતિ તથા ડેડ સ્ટોક રજીસ્ટર | * સ્પષ્ટ રીતે નોંધાયેલ અને અમલમાં. |
| (D) | **માનવ સંશાધન** | |
| | * નિમણૂંકપત્રો અને કાર્યકરો માટે નીતિનિયમો | * તમામ કાર્યકરોને આપેલ છે. |
| | * વેતન ધોરણ | * મહિલાઓને અનુકૂળ પણ સીમિત કલાકો માટે કામ કરતા હોવાથી એને અનુરૂપ વેતનધોરણો અમલમાં છે. |

| કુલ વેતન | સ્ત્રી | પુરુષ | કુલ | કાર્યકરના સંસ્થામાં વર્ષ | સ્ત્રી | પુરુષ | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| રૂા ૭,૦૦૦ થી નીચે | – | – | – | ૧ થી ઓછા | ૧ | – | ૧ |
| રૂા.૭,૦૦૧ થી ૧૦,૦૦૦ | ૦૧ | – | ૦૧ | ૧ થી ૫ | ૩ | ૧ | ૪ |
| રૂા.૧૦,૦૦૧ થી વધુ | ૧૬ | ૦૪ | ૨૦ | ૫ થી વધુ | ૧૩ | ૩ | ૧૬ |
| કુલ | ૧૭ | ૦૪ | ૨૧ | કુલ | ૧૭ | ૪ | ૨૧ |

માસિક વેતનઃ–(ઉચ્ચતમ રૂા. ૨૨,૬૩૨, લઘુતમ રૂા. ૯,૦૦૦)

| | વિગત | અમલ |
|---|---|---|
| | * પી. એફ. ગ્રેજ્યુઈટી, રજાઓ જેવા મળવાપાત્ર લાભો. | * અમલમાં |
| | * મેડીક્લેમ, બાળકોનું શિક્ષણ,પ્રવાસ, મેગેઝીન વિ. માટે વધારાનાં લાભો. | * કાર્યકરો તેમજ સહયોગી બહેનો માટે સમુચિત વ્યવસ્થા ગોઠવેલ છે. |
| | * પરિવાર ભાવના અને બિનઔપચારિક વાતાવરણ. | વિકસાવવા માટે સભાન પ્રયત્નો. |
| (E) | **સ્ટાફની વહીવટમાં સામેલગીરી** | |
| | * વિભાગીય મિટીંગો–વિવિધ કેટેગરીના સ્ટાફ સાથે | * નિયમિત |
| | * શારદા મહિલા વિકાસ સોસાયટી સ્ટાફ મિટીંગ | * વર્ષમાં ૩ થી ૪ |
| | * **સહાયક બેનો સાથે મિટીંગ** | * મોનિટરીંગ મિટીંગ – દર મહિને,દર ત્રણ માસે.<br>સાધારણ સભા– વર્ષમાં એકવાર |
| (F) | **ક્ષમતા સંવર્ધન અને વ્યાવસાયિક વિકાસની તકો** | * સંસ્થાકીય, ક્ષેત્રીય અને રાષ્ટ્રીય કક્ષાએ તાલીમ, કાર્યશિબિર, કોન્ફરન્સમાં સહભાગી થવા દરેક બહેનને પ્રોત્સાહન<br>* વિશિષ્ટ કાર્યશિબિર દર ૩ થી ૪ માસ |
| (G) | **જવાબદેહિતા અને પારદર્શિતા** | |
| | * વાર્ષિક ઓડિટ થયેલા હિસાબો<br>* વાર્ષિક પ્રગતિ અહેવાલ<br>* મેગેઝિન ( સેવા સુવાસ)<br>વેબસાઈટ : www.shardamahilavikas.org | * નિયમિત પધ્ધતિસર દર વર્ષે થાય છે.<br>* દર વર્ષે પ્રગટ કરીએ છીએ.<br>* દર ત્રણ મહિને પ્રવૃત્તિઓની માહિતી, સેવા સુવાસ મેગેઝિનમાં પ્રગટ થાય છે. |
| | * વાર્ષિક બજેટની ચર્ચા | * વિભાગીય, કારોબારી અને નિયામક મંડળની મિટીંગોમાં નિયમિત રીતે થાય છે. |
| | * હિસાબી પધ્ધતિ | * નિયમો અનુસાર અમલમાં |
| | * દરેક નાણાંકીય લેવડ–દેવડ માટે રસીદ અને બીલ | * ચોક્કસાઈપૂર્વક અમલમાં |
| | * હિસાબી મોનિટરીંગ માટે મિટીંગ | * માસિક / ત્રિમાસિક |
| | * પ્રવૃતિઓનું મૂલ્યાંકન સ્થાનિક લોકો સાથે સંસ્થાના હિસાબો ખર્ચની માહિતીની ચર્ચા | * ત્રિમાસિક વિભાગીય સ્ટાફ, કારોબારી કમિટીના સભ્યો સાથે, સામાન્ય સભામાં તેમજ ગ્રામ્યસ્તરે થતી જૂથ મિટીંગમાં ચર્ચા થાય છે. |
| | * વિદેશી નાણાંકીય સહાય, આવકવેરા, ચેરિટી કમિશ્નર, લઘુત્તમ વેતન ધારો વિ. કાયદાની જરૂરિયાત | * ચૂસ્તપણે પાલન થાય તે માટે સભાન. |
| | * બાહ્ય સંસ્થાઓ દ્વારા મુલ્યાંકન | * દેશ–પરદેશથી આવતાં વિદ્યાર્થીઓ દ્વારા અભ્યાસો થાય છે. |

## નિયામક મંડળ

૧. ડૉ. લતાબેન દેસાઈ
૨. ડૉ. શોભાબેન શાહ
૩. જયશ્રીબેન શેઠ
૪. ડૉ. અમીબેન યાજ્ઞિક
૫. નિમિષાબેન દેસાઈ
૬. પ્રતિભાબેન પંડયા
૭. સુધાબેન વડગામા
૮. બંકિમભાઈ શેઠ
૯. ડૉ. પંકજભાઈ શાહ
૧૦. કોકીલાબેન પંડયા

નિયામક મંડળના બધા જ સભ્યો શા.મ.વિ.સો. માં માનદ્ સેવાઓ આપી રહ્યા છે.

## કારોબારી સભ્યો

૧. મનીષાબેન વસાવા
૨. કોકિલાબેન પંડયા
૩. ગીતાબેન શ્રીવત્સન
૪. સુધાબેન વડગામા
૫. જયાબહેન ઐયર
૬. ડો. કલ્પનાબેન શાહ
૭. ડો. મીનળબેન દવે
૮. નેહાબેન પરીખ
૯. જયશ્રીબેન શેઠ
૧૦. ગાયત્રીબેન પટેલ
૧૧. જાગૃતિબેન શાહ
૧૨. પરવિન્દાબેન પટેલ
૧૩. ડો. શોભાબેન શાહ
૧૪. ડો. લતાબેન દેસાઈ

## ડોનેશન સંદર્ભે

### ભારતમાંથી બેંક દ્વારા ડોનેશન મોકલવા માટે

**બેંકનું નામ :** આઈ.સી.આઈ. સી.આઈ. (ICICI)
મુ. પો. તા. ઝઘડિયા,
જિ. ભરૂચ, (ગુજરાત). પીન કો. નં. ૩૯૩ ૧૧૦.

૮૦ જી ડોનેશન માટે બેંક એકાઉન્ટ નં. : **380401000188**

**ડોનેશનના ચેક અથવા ડ્રાફ્ટ "શારદા મહિલા વિકાસ સોસાયટી" ના નામથી મોકલવા વિનંતી.**

**MICR Code : 393229501**

**RTGS / NEFT / IFSC Code : ICIC0003804**

૮૦ જી (૫) હેઠળ દાન ૫૦% કરમુક્તિને પાત્ર છે.

ડોનેશન કરેલથી અમોને પત્ર/ઈમેલ/ફોન (૦૯૪૨૯૦૩૬૪૯૦) દ્વારા અવશ્ય જાણ કરવા વિનંતી.

# यह कहानी है दीये की और तूफान की

यह कहानी है दीये की और तूफान की -२
निर्बल से लडाई बलवान की -२

इक रात अंधीयारी, थी दिशाएं कारी-कारी
मंद-मंद पवन था चल रहा
अंधियारे को मिटाने, जग में ज्योत जगाने
एक छोटा-सा दीया था कहीं जल रहा
अपनी धुन में मगन, उसके तन में अगन
उसकी लौ में लगन भगवान की
यह कहानी है दीये की और तूफान की

लडते-लडते वो थका, फिरभी बुझ न सका-२
उसकी ज्योत में था बल रे सच्चाईका
चाहे थे वो कमजोर, पर टूटी नहीं डोर
उसने बीडा था उठाया रे भलाई का
हुआ नहीं वो निराश, चली जब तक साँस
उसे आस थी प्रभु के वरदान की
यह कहानी है दीये की और तूफान की

सर पटक-पटक, पग झटक-झटक
न हटा पाया दीये को अपनी आन से
बार-बार वार कर, अंत में हार कर
तूफान भागा रे मैदान से
अत्याचार से उभर, जली ज्योत अमर
रही अमर निशानी बलिदान की
यह कहानी है दीये की और तूफान की
निर्बल से लडाई बलवान की
यह कहानी है दीये की और तूफान की.......

## "સ્ત્રી શાંતિની પ્રતિનિધિ...."

હું તો માનું છું કે ઈશ્વરે શાંતિની પ્રતિનિધિ બનવા માટે જ સ્ત્રીને પેદા કરી છે. મેં બહેનોને અહિંસાની સાક્ષાત્ મૂર્તિ કહી છે. અહિંસાનો અર્થ છે, અસીમ પ્રેમ અને અસીમ પ્રેમનો અર્થ છે કષ્ટ સહન કરવાની અસીમ ક્ષમતા. તે પોતાના પ્રેમનો પ્રસાર અખિલ માનવજાતિમાં થવા દે અને ભૂલી જાય કે તે કયારેય પુરુષની વાસના તૃપ્તિની સાધન હતી કે હોઈ શકે. પુરુષ અહિંસા ધર્મને બુદ્ધિથી જ સમજે છે. જયારે સ્ત્રી તો એ ધર્મને જન્મથી જ જાણે છે. મને લાગે છે કે અહિંસાનો અંતિમ વિજય સ્ત્રી દ્વારા જ થશે.

મહાત્મા ગાંધી